

ચિલોડા-પ્રાંતિજ માર્ગ પરથી મળી આવેલા આ ચાર બિનવારસી બાળકોની તસવીર છે, જેમને એક સેવાભાવી નાગરિકે ચ્હા-નાસ્તો કરાવ્યા બાદ ચિલોડા પોલીસ સ્ટેશનને સોંપી દીધાં છે. (તસવીર : દિપક જાની)

# ભાટ-કોટેશ્વરમાં દેશી દારૂની ભઠ્ઠી પર પોલીસના દરોડા

## ત્રણ ઠેકાણેથી ૨૮૧૦ લીટર વોશ પકડ્યો : આરોપી ફરાર

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લામાં ભાટ અને કોટેશ્વર ગામમાં આજે પોલીસે જુદા જુદા ત્રણ ઠેકાણે દરોડા પાડી ૨૮૧૦ લીટર દેશી દારૂનો વોશ પકડી પાડ્યો છે. જ્યારે સ્થળ પરથી ફરાર ત્રણેય આરોપીઓની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાટ અને કોટેશ્વર ગામમાં આજે પોલીસે દેશી દારૂની ભઠ્ઠીઓ પર દરોડા પાડ્યા હતા. ડી.વાય.એસ.પી. ઉષા રાડાની સ્કવોર્ડે આજે કોટેશ્વરમાં આરોપી પ્રવિણ ગણપતભાઈ દંતાણીની ભઠ્ઠી પર રેઈડ કરી હતી. જ્યાંથી પોલીસે રૂ. ૧૪૦૦ લીટર વોશ પકડ્યો હતો. જો કે આરોપી ફરાર થઈ ગયો હતો.

આ ઉપરાંત કોટેશ્વરમાં અન્ય એક ભઠ્ઠી પરથી પોલીસે ૨૧૦ લીટરનો વોશ કબજે લીધો હતો. જ્યારે ભઠ્ઠી ચલાવતો ઈસમ તરત પોપટ દંતાણી નાસી ગયો હતો. અડાલજ પોલીસે પણ આજે ભાટ ગામમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર રેઈડ કરી રૂ. ૧૨૦૦ લીટર વોશ પકડી પાડ્યો હતો. પોલીસે જુદા જુદા ત્રણ ઠેકાણે રેઈડ કરીને ૨૮૧૦ લીટર વોશ કબજે લીધો હતો. જ્યારે આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

રાજ્યમાં દારૂબંધી હોવા છતા ગાંધીનગરને અડીને આવેલા કોટેશ્વર અને ભાટ ગામમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે. જ્યારે આ ભઠ્ઠીઓમાંથી અન્ય વિસ્તારમાં પણ દારૂ સપ્લાય થતો હોવાનુ મનાઈ રહ્યું છે. આમ છતાં સમયાંતરે દારૂની ભઠ્ઠીઓ પર થતા દરોડાના અંતે પણ આ બદી સંપૂર્ણપણે દૂર થઈ શકતી નથી !!

## શહેરમાં પરચુરણની રામાયણ હજુ યથાવત

ગાંધીનગર તા.૧૨

ગાંધીનગરમાં પરચુરણની તીવ્ર ભારે તંગી છે. દૂધ, છાશ તેમજ અન્ય જરૂરી વસ્તુ ખરીદી વખતે પરચુરણના અભાવે ચોકલેટ કે કુપનો આપવામાં આવે છે. ચોકલેટની મૂળ કિંમત કરતાં પરચુરણમાં વધારે રકમની આપવામાં આવે છે.

કેટલીક દુકાનો કુપનો આપે છે. જેથી કુપન વટાવવા ફરજિયાત ત્યાંજ જવું પડે. રીક્ષાવાળા, એસ. ટી.વાળા, વ્યાપારીઓ, શાકભાજી વાળા, છુટા પૈસાના અભાવે પ્રજા મુશ્કેલી અનુભવે છે. પરચુરણની વ્યવસ્થા કરવી જરૂરી છે. બે અને પાંચના સિક્કા બેંકોએ પૂરા પાડવા જોઈએ તેવી લોકોની માંગણી છે.

## સી.એમ. હાયર સેકન્ડરી સ્કૂલમાં માર્ગદર્શન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

શેઠ સી.એમ. શાળાના વિજ્ઞાન પ્રવાહ ધો. ૧૧ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ અને સેમેસ્ટર પદ્ધતિનું માર્ગદર્શન રાખવામાં આવેલ છે. આ પ્રસંગે ગુરૂપૂર્ણિમાનું મહત્વ વિશે આશાબેન પટેલે સમજણ આપી હતી. આચાર્યશ્રી બી.કે. પટેલે ઉજ્જવળ પરિણામો બદલ અભિનંદન આપ્યા હતા.

ધો. ૧૨માં પ્રથમ દસ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવેલ હતા. શ્રી વી.એમ. પટેલ દ્વારા પરિણામનું પૃથ્થકરણ રજુ થયેલ. શ્રી નટુભાઈ લાડાણીએ શિસ્ત એ વિદ્યાર્થીનું ઘરેણું છે. એ વિષય પર માર્ગદર્શન આપેલ. કુ. ચેતનાબેન જોષી દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું. અરૂણાબેન પટેલે સેમેસ્ટર પદ્ધતિ અંગે સમજણ આપી હતી. કુ. ચેતનાબેન જોષી અને શ્રી જે. જે. પટેલે આભારવિધિ અને સંચાલન કરેલ હતું.

## સેક્ટર-૨૭માં સફાઈના અભાવે રોગચાળાનો તોળાઈ રહેલો ભય

ગાંધીનગર, તા. ૧૨

સેક્ટર-૨૭ શહેરનું છેવાડે આવેલું સેક્ટર- છે. જ્યાં સફાઈનું પરિણામ શુન્ય છે. સેક્ટરમાં આંતરિક સફાઈ થતી નથી. સફાઈ કામદારો પણ એક જ જગ્યાએ બેઠેલા જોવા મળે છે..

ખ-૭ સર્કલથી નજીક હનુમાનજી મંદિર છે. ધારાસભ્યશ્રીનું નિવાસસ્થાન પણ છે. છતાં શિવશક્તિ સોસાયટી ખાતે ખુબજ પ્રયત્નો કરી કચરાપેટી મુકાયેલ હતી તે હવેથી નથી. હાલમાં ચોમાસુ શરૂ થયેલ હોય રોગચાળાનો ભય રહે છે.

## સેકટર-૨૨માં ડી.પી. વ્યવસ્થિત કરો

*ગાંધીનગર તા. ૧૨*

*સેકટર-૨૨ની* શ્રદ્ધા સોસાયટી પ્લોટ નં. ૪૮૬/૧ ની સામે ટોરેન્ટ દ્વારા ડી.પી. ગોઠવેલ છે. તેમાં પાણી જાય છે. ઊંડો ખાડો પડી ગયો છે. તેને રીપેર કરવાની જરૂર છે. અકસ્માત થાય તેવી સ્થિતિ છે. શ્રદ્ધા સોસાયટી દ્વારા રજૂઆત કરવા છતાં વીજ પેટીની ગોઠવણી વ્યવસ્થિત થતી નથી. પાણી ભરાય છે. અકસ્માતનો ભય છે, તો ટોરેન્ટ યોગ્ય કરે તેવી માંગણી છે.

## જી.ઈ.બી. કર્મચારી ધીરાણ મંડળી ડીસાના પ્રમુખ તરીકે બળદેવભાઈ રાયકા

ગાંધીનગર, તા. ૧૨

જી.ઈ.બી. કર્મચારી ધીરાણ મંડળી ડીસાની કારોબારી બેઠક મળી હતી. જેમાં મંડળીના વહીવટીકાર્ય માટે હોદ્દેદારોની નિમણુંક કરી હતી. પ્રમુખ શ્રી બળદેવભાઈ રાયકા (જેટકો ડીસા) ઉપપ્રમુખ શ્રી મહેશભાઈ એન. મનવર (યુ.જી.વી.સી.એલ.), મંત્રી શ્રી એસ. ડી. રોહિત (ડીસા રૂરલ), સહમંત્રી શ્રી કપિલ કે. શ્રીમાળી (ડીવીજન-૧)ની સર્વાનુમતે નિમણુંક કરાઈ હતી.

## આજથી સેકટર-૪ માં વેદકથા યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

વૈદિક મહાસભા ગાંધીનગર દ્વારા વેદકથાનું આયોજન તા. ૧૩મી જુલાઈથી તા. ૧૫મી જુલાઈ સુધી સવારે ૮ થી ૯ તથા સાંજે ૮ થી ૯ દરમિયાન પ્લોટ નં. ૩૪૨/૨, સેકટર-૪બી ગાંધીનગરના અધ્યક્ષપદે આર્યજગતનાં દાર્શનિક સંન્યાસી સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક છે. જે સૃષ્ટિ રચના, વેદના દિવ્ય સંદેશ, વૈદિક યોગ સુખી ગૃહસ્થ વિષયો પર વક્તવ્ય આપશે.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર દ્વારા ૧૫મીએ અભિવાદન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા તા. ૧૫મી જુલાઈ ૨૦૧૨ને રવિવારે સવારે ૯ કલાકે બ્રહ્માણી હોલ, કડી કેમ્પસ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે નાયબ સેકશન અધિકારી તરીકે નવનિયુકત થયેલા યુવાનોનો તથા રકતદાન શિબિરના આયોજકોનો અભિવાદન કાર્યક્રમ યોજવામાં આવશે. ગુજરાત સરકારના સચિવાલયમાં નાયબ સેકશન અધિકારી રીકે નવનિયુક્ત ગાંધીનગર જિલ્લાના ૯૫ જેટલા યુવાનોનો અભિવાદન કાર્યક્રમ ૧૫મી જુલાઈએ યોજાશે. યુવાન અધિકારીઓ સાથે ગાંધીનરમાં સંસ્થાઓ અને મંડળ દ્વારા રકતદાન શિબિરોનું આયોજન થયું છે. આવી સંસ્થાઓના આયોજકોને પ્રોત્સાહિત કરવાના આશયથી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા અભિવાદન કાર્યક્રમ યોજવામાં આવશે. આ પ્રસંગે સમદર્શન આશ્રમના પૂ. ગુરુમા સૌને આશીર્વચન આપી તમામને પ્રોત્સાહિત કરશે. સાથે સાથે અંગત સચિવ રાજયકક્ષાના મંત્રી, મહિલા બાળ વિકાસ અને ઉચ્ચ ટેકનીકલ શિક્ષા વિભાગના સુનિલ સોની, ઉપસચિવ, મુખ્ય સચિવ કાર્યાલયના કેતન સુથાર પણ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે અને સૌનું અભિવાદન કરી પ્રોત્સાહિત કરશે.

## શ્રાવણ માસમાં સુંદરકાંડનું વિના મુલ્યે આયોજન થશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના દિલીપભારતી ગોસ્વામી દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં સુંદરકાંડના પાઠનું વિના મુલ્યે આયોજન કરવામાં આવશે.

સાધના, આરાધના અને ઉપાસનાના પવિત્ર દિવસો એવા શ્રાવણ માસમાં રૂદ્ર અવતાર હનુમાનજી અને શિવજીની ભકિત માટે સુંદરકાંડના પાઠ અને રૂદ્રાષ્ટકના પાઠ ભકતજનોના નિવાસે દિલીપભારતી ગોસ્વામી અને બાલ કીર્તનકાર હિરલ ગોસ્વામીની વ્યાસપીઠ વિનામુલ્યે યોજાશે. જે ભકતજનોને પોતાના ઘરે, મંદિરે અથવા જાહેરમાં આ પાઠના આયોજનની ઈચ્છા હોય તેઓએ ૧૩મી જુલાઈ ૨૦૧૨ થી ૧૯મી જુલાઈ ૨૦૧૨ સુધીમાં પ્લોટ નં. ૬૮૮/૧ બી, સાર્થક એપાર્ટમેન્ટ, વૈજનાથ મહાદેવ સામે, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે દિલીપભારતી ગોસ્વામીનો સંપર્ક કરવા જણાવ્યું છે.

## ઉવારસદની એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિરમાં ગુરુપૂર્ણિમા ઉજવાઈ

### દરેક ગુરુજને વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવી ઉન્નત જીવન જીવવા શુભેચ્છા પ્રગટ કરી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ગામે વિકલાંગ વિદ્યાર્થીઓને શિક્ષણ અને સંસ્કાર આપતી સદ્‌વિચાર પરિવાર સંચાલિત એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિરમાં ગુરુપૂર્ણિમા પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિકલાંગ વિદ્યાર્થીઓ દ્વારા ગુરુવંદના કરવામાં આવી હતી. દરેક ગુરુજનને વિદ્યાર્થીએ પુષ્પગુચ્છ અર્પણ કરી પોતાની સદ્‌ભાવના, વિચારોને વ્યક્ત કર્યા હતા. ગુરુપૂર્ણિમા પર્વના પવિત્ર દિવસે દરેક વિદ્યાર્થીએ જીવનમાં ક્યારેય વ્યશન નહી કરવાનો અને પોતાના પરિવારને પણ વ્યશનથી મુક્ત કરવાનો દઢ સંકલ્પ કર્યો હતો. શાળાના આચાર્ય ડૉ. શાર્દૂલભાઈ ગમારાએ વિદ્યાર્થીઓને બિરદાવીને સાચા અર્થમાં શિષ્ય બનીને જીવનમાં મૂલ્યનિષ્ઠ સિદ્ધાંતોનું અમલીકરણ કરવા તથા જીવનના વિકાસમાં આગળ ધપવાની વાત કરી હતી. દરેક ગુરુજને વિદ્યાર્થીઓને આ પ્રસંગે આશીર્વચન પાઠવી ઉન્નત જીવન જીવવા શુભેચ્છા પ્રગટ કરી હતી.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૨

સૂર્યાસ્ત : ૭.૨૮

### તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૪.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૭૬ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :

કૉકટેલ : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કૉકટેલ : ૧૦.૦૦

બોલ બચ્ચન : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

કૉકટેલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

બોલ બચ્ચન : ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

કેવી રીતે જઈશ : ૯.૪૫

કૉકટેલ : ૧૨.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) : ૩.૩૦

: સ્ક્રીન-૨ :

બોલ બચ્ચન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

કૉકટેલ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

કૉકટેલ : ૯.૦૦, ૩.૦૦

બોલ બચ્ચન : ૧૨.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સૂર્યા, વાવોલ**

હોન્ટેડ હાઉસ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ટ્રેડ એક જંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- કલરવ સંસ્થા ગાંધીનગર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ૫.૦૦ કલાકે.

### આપની આજ

**મેષ** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

**વૃષભ** : આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**મિથુન** : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**કર્ક** : સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**કન્યા** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**તુલા** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**વૃશ્ચિક** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**ધન** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. વ્યાપારમાં નવા અને લાભદાયક કરાર થઈ શકે છે.

**મકર** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કુંભ** : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી મળેલી નિરાશાને હાવી થવા દેશો નહિ.

**મીન** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

### ચિરવિદાય

- સ્વ. ગોવિંદભાઈ શંકરલાલ લિંબાચીયા (ઉ.વ. ૬૭) ૧૦૧, નારાયણનગર, મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રામાજી રાજાજી વણઝારા (ઉ.વ.૩૯) મુ.પો. ઉવારસદ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કિરણબેન રમેશભાઈ વણઝારા (ઉ.વ.૩૫) જી.ઈ.બી. છાપરાં, ગાંધીનગર.
- સ્વ. ભગવતીબેન નૈનેશકુમાર બારોટ (ઉ.વ.૫૦) પ્લોટ નં. ૧૧૮/૧, સેકટર-૧૯, ગાંધીનગર.
- સ્વ. રામાભાઈ રણછોડભાઈ પટેલ (ઉ.વ.૬૦) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.

# આધુનિક પ્રેમીઓને અર્પણ... એક સાચુકલી પ્રેમ કથા...

## જાતા નહિ હૈ કોઈ દુનિયા સે દૂર ચલ કે, મિલતે સભી યહીં હૈ કપડે બદલ બદલ કે'

**સંબંધ સજાવે જિંદગી**

**સબ સે ઊંચી પ્રેમ સગાઈ**

- પોપટલાલ પ્રજાપતિ

gsrelation@yahoo.com

આ કોઈ બગીચાના એકાદ ખુણામાં કે રેસ્ટોરન્ટની ઝાંખી લાઈટોમાં અથવા થિયેટરના અંધારામાં પ્રગટેલી પ્રેમ કહાની નથી, આમાં કોઈ હીર રાંઝા, લયલા મજનુ કે શીરી ફરહાદની વાર્તા નથી પણ આ છે ભૂકંપના કાટમાળમાં કચડાયેલી, છુંદાયેલી અને અપંગ પ્રેમ કહાની, જે અમર થવા સર્જાયેલી છે. આ સત્યઘટના પ્રેમની ગરિમાને ચાર ચાંદ લગાડનારી છે. આધુનિક પ્રેમીઓને અર્પણ કરું છું આ સત્ય પ્રેમ કહાની...

૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના એ ગોઝારા દિવસે સવારે ૯.૪૫ કલાકે કચ્છની ધરતી ધ્રુજી ઉઠી. રજાનો દિવસ હોવાથી હજુ કેટલાક પથારીનો મોહ છોડી શક્યા ન હતા. ભુજના સરપટ ગેઈટ બહાર એરપોર્ટ રોડ પર આવેલા 'વૈભવ લક્ષ્મી' એપાર્ટમેન્ટના પાયા હચમચવા લાગ્યા. ચાર મજલાની આ ઈમારત જોતજોતામાં કડકભુસ કરતી જમીન દોસ્ત થઈ ગઈ. એપાર્ટમેન્ટના પહેલા માળે આવેલા પિયુષભાઈ ગોર અને પ્રતિમાબહેન ગોરનો ફ્લેટ પણ ધરાશાયી થઈ ગયો. ચારે તરફ બચાવો... બચાવોની બૂમરાણ... ધુમાડાના ગોટેગોટા... પિયુષભાઈએ પોતાના બાળકો બચ્યા કે નહિ તેની ખબર કાઢવા ફાંફા માર્યા, પણ ચારે બાજુ ઈંટોના ઢગ સિવાય કંઈ દેખાયુ નહિ. આ ફ્લેટમાં સુંદર દેખાવડી એક કોલેજ કન્યા નામે અવની પણ રહેતી. પિયુષભાઈ ગોરની એ લાડકી દીકરી.. બે દિવાલો વચ્ચે ફસાયેલી અવનીનો અંધારામાં કોઈએ હાથ પકડ્યો... અવની સમજી ગઈ તે પપ્પાનો હાથ હતો. થોડો સમય પપ્પાએ હાથ પકડી રાખ્યો અને એકાદ ક્ષણ બાદ આ હાથ ઠંડો પડી ગયો... પપ્પાનો હાથ છુટી ગયો... અવનીને એક ક્ષણ જીગરની યાદ આવી ગઈ. વૈભવ લક્ષ્મી એપાર્ટમેન્ટની બાજુમાં જ ગણેશ એપાર્ટમેન્ટમાં જીગર રહેતો હતો... જીગર એ અવનીનો પ્રેમી. બંને એકબીજાને દિલ દઈ બેઠેલા... જીગર શું કરતો હશે ?... તે બચ્યો હશે કે નહિ ? અવનીને પોતાનો પરીવાર અને જીગરની યાદ આવતાં આંખમાંથી અશ્રુધાર વહેવા લાગી. સદ્‌ભાગ્યે ગણેશ કોમ્પ્લેક્ષને નજીવુ નુકસાન થયું હતું. જીગર સહી સલામત હતો. પણ તેની આંખોય અવનીને શોધતી હતી. સમગ્ર શહેરમાંથી માતમના સમાચાર આવી રહ્યા હતા. દરેક જણ અવનીની આશા છોડી દેવાની વાત કરતુ હતુ. પણ જીગરનો આત્મા આ સ્વીકારવા તૈયાર ન હતો. ત્યાં જ કોઈ સમાચાર લાવ્યું કે એક એરફોર્સ જવાને કાટમાળમાંથી એક છોકરીને બચાવી લીધી છે અને હાલ તે ભુજની મિલિટરી હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે. તે છોકરી બેભાન અવસ્થામાં જીગર, જીગર એવું બોલી રહી છે. તેની સાથે કોઈ નથી. તેને વિશેષ સારવાર માટે પુના લઈ જવાની છે. અને આ વાત સાંભળી જીગર પગમાં ચંપલ પહેર્યા વગર ભાગ્યો. પથારીઓમાં આક્રંદ કરતા દર્દીઓની વચમાં તે અવનીને શોધવા લાગ્યો. ત્યાં જ એક કણસતા દર્દી તરફ તેની નજર ગઈ... અને તે અવની હતી.. અવનીની પથારી પાસે એક વાયુસેનાનો જવાન તેની સુશ્રુસા કરી રહ્યો હતો તેનુ નામ અખિલેશ મિશ્રા. અખિલેશે અવની અને જીગરને વાયુસેનાના વિમાનમાં પુના પહોંચાડ્યા. અવનીના હાથ અને પગ કાટમાળમાં છુંદાઈ ગયા હતા. તે કણસતી હતી. ડૉકટરોએ તેને તપાસીને સલાહ આપી કે અવનીનો એક હાથ અને એક પગ છુંદાઈ ગયા છે. તેનો હાથ કાપી નાખવો પડશે. અને પગનુ ઓપરેશન કરવુ પડશે. અજાણી ધરતી, અજાણ્યા લોક, જેણે જીંદગીની તડકી છાંયડીનો કદિ પાકો અનુભવ કર્યો નથી, હજી યુવાનીના ઉંબરે પગ મૂક્યો ન મૂક્યો અને કઠણ પરિસ્થિતિમાં ગંભીર નિર્ણય લેવાની ઘડી આવી પહોંચી. જીગર હિંમત હારી ગયો. પણ તેને કાળજુ કઠણ કર્યા સિવાય છુટકો નહતો.. પણ આપત્તિમાંય કુદરત એકાદ બારી તો ખોલી આપે છે. પુના શહેરનું પારસ યુવક મંડળ તેની વહારે આવ્યુ. ભુકંપગ્રસ્ત દર્દીઓની વહારે આવી માનવતાની મહેંક ફેલાવવા પંકજભાઈ શાહે બીડુ ઝડપ્યું. તેમણે ઘરે આવી પત્નિ જયબાળા બહેનને વાત કરી જયબાળા બહેનનું માતૃવાત્સલ્ય જાગી ઉઠ્યું બંને પતિ પત્નિએ ભેગા થઈ તેને દીકરીની જેમ સાચવી. અવનીનો ડાબો હાથ કપાયો હતો. પગનુ ઓપરેશન કરાયુ અને પગ ટુંકો બન્યો... સારવાર પત્યા બાદ પુનાથી ફરી ભુજ આવતી વેળાએ પરિસ્થિતિ ગંભીર અને નાજુક બની. હવે ક્યાં જવું ? ઘર ન હતુ મમ્મી-પપ્પા ન હતા એક માત્ર નાનો ભાઈ અને બહેન બચેલા જેની ઉંમર ૧૨ વર્ષ અને ૧૩ વર્ષ હતી. જીગર એક માત્ર સહારો હતો, પણ આ હાલતમાં જીગર તેને સ્વીકારે કે કેમ ?... જીગરને તેણે દીલ દીધુ હતુ પણ સંબંધીની મહોર લાગી ન હતી. પણ અહિં જીગરના સંસ્કાર દીપી ઉઠ્યા. જીગરે તેના મમ્મી-પપ્પાને કહી દીધુ. અવની મારી ધર્મપત્નિ બનશે. જીગરના પરીવારે પણ અવનીને પુત્રવધુ તરીકે સ્વીકારવાની સંમતિ આપી. અવની એ નહોતી સમજી શકતી કે માતા પિતા ગુમાવ્યાનુ દુઃખ વ્યક્ત કરવું કે એક સાચો પ્રેમી મળ્યો એનો આનંદ વ્યક્ત કરવો ? અવનીને લાગ્યુ જીગર હજુ ફૂટડો યુવાન છે, એક હાથ ન હોય, પગે ખોડ હોય તેવી કન્યાને તે પોતાની જીવનસાથી કેવી રીતે બનાવી શકે ? હું એના જીવનનો બોજ નહિ બનુ. અને ઘડીભર તેને આપઘાત કરવાનો વિચાર આવ્યો. પણ જીગર એક સાચો પ્રેમી હતો. બગીચાના ખુણામાં તેણે પ્રેમની ઈમારતનો પાયો નહોતો નાખ્યો. તેનો પ્રેમ તેના જીગરના ખુણે અંકિત થયો હતો. અને તેનું નામ પણ જીગર હતુ. જીગરે અવનીને હિંમત આપી. જીગરના પરીવારે તાત્કાલિક લગ્નનું મુહૂર્ત જોવડાવ્યુ. પુનાથી પંકજભાઈ અને જયબાળાબહેને પણ સંદેશો મોકલ્યો કે અવનીનુ કન્યાદાન અમે દઈશુ. વાયુસેનાના અધિકારી અખિલેશ મિશ્રાએ વાયુવેગે સમાચાર પહોંચાડ્યા. અવની તો મારી બહેન છે. એને વિદાય આપવા હું મારા પરીવાર સાથે આવીશ. લગ્ન મંડપ રોપાયો... કપડાં દાગીનાની ખરીદી થઈ... ચોરીમાં વરરાજાનુ આગમન થયું. ગોર મહારાજે સાદ પાડ્યો... કન્યા પધરાવો સાવધાન... જયબાળાબહેને અવનીના કાન આગળ કાળુ ટપકુ કરી લીધુ. મારી લાડકી દીકરીને કોઈની નજર ન લાગી જાય... અવનીનુ હૃદય જાણે ધબકાર ચુકી જશે તેવુ લાગ્યુ... તેની નજર સમક્ષ માતા પિતાનો ચહેરો દેખાવા લાગ્યો. માતા પિતા જાણે કહી રહ્યા હતા...

'જાતા નહિ હૈ કોઈ દુનિયા સે દૂર ચલ કે, મિલતે સભી યહીં હૈ કપડે બદલ બદલ કે'...